Rathod Hani Maheshbhai
Junior Winner
Kishor Madhyamik School (Academy)
Junagadh



## “ડિજિટલ ટેક્નોલોજીઃ તે તમારું જીવન કઈ રીતે સુધારે છે? દેશ અને નાગરિકોની પ્રગતિ માટે ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ કઈ રીતે કરવો જોઈએ એવું તમને લાગે છે?”

**DIGITAL INDIA - આધુનિક ભારત**

ડિજિટલ ઈન્ડિયા એ ભારત સરકારનું એક નવું સોપાન છે. જેનું ઉદ્દેશ્ય ભારતને ડિજિટલાઈઝ બનાવીને સશક્ત સમાજ અને હાળથી અર્થ વ્યવસ્થામાં લાવીને બનાવવાનું છે. તેના માટે એ જે એક જ લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. તે છે ભારતીય પ્રતિભા IT + સૂચના પ્રોદ્યોગિક IT = આવતી કાલનું ભારત IT

ડિજિટલ ઈન્ડિયાની દ્દષ્ટિ (Vision) મુખ્ય ત્રણ ક્ષેત્રો પર કેન્દ્રિત છે.

**૧) દરેક નાગરિકને ઉપયોગ કારક થઈ શકે તેવો ડિજિટલ ઢાંચો.**

- Digital Infrastructure as a utility to every citizen
- ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એસ અ યુટીલીટી ટુ એવરી સીટીઝન

**૨) જરૂરિયાત પર સંચાલન અને સેવાઓ.**

- Governance & service on Demand
- ગર્વમેન્સ એન્ડ સર્વિસ ઓન ડિમાન્ડ

**૩) નાગરિકોનું ડિજિટલ રીતે સશક્તિકરણ.**

- Digital Enpowerment of Citizens
- ડિજિટલ ઈનપાવરમેન્ટ ઑફ સીટીઝન

દરેક નાગરિકને ઉપયોગ કારક થઈ શકે તેવા આ ડિજિટલ માળખામાં ઉપલબ્ધ કારક નાગરિકોની સેવાઓનું ધ્યાન રાખીને મુખ્ય ઉપયોગ સ્વરૂપે હાઈસ્પીડ ઈન્ટરનેટ છે. અને આ આપણી ડિજિટલ ઓળખ ઊભી કરવા માટેનું ઓનલાઈન હોય તે પ્રમાણસ્વરૂપ છે.

મોબાઈલ ફોન બેંકના ખાતા હોય તે પ્રમાણસ્વરૂપે છે. તેમાં બેંક જેવી સુવિધાઓ છે. જેમાં ડિજિટલ રીતે પૈસાની કે નાણાની માંગણીઓમાં નાગરીકોની ભાગીદારી થઈ શકે છે. ઝડપી લેવા કેન્દ્ર અને ત્યાં સરળતાથી પહોંચી શકાય છે. સામાન્ય માણસ સુધી પહોંચાડવા માટે નજીકના સ્થાનો પર સુરક્ષિત સાઈબર–જગ્યાઓ બનાવી.

બધા વિભાગો અને રાજ્યા,યોની જરૂરિયાત પર સમય પર સેવા સાથે શાસન અને સેવા ઓનલાઈન અને મોબાઈલ પ્લેટફોર્મ પર ખરા સમય પર સેવાની ઉપલબ્ધી બધી વ્યક્તિઓને આ એપ પર એક સાથે ઉપલબ્ધ રહેવાનો અધિકાર છે..

ડિજિટલાઈઝ કરવામાં આવતા સેવામાં વ્યવસ્થામાં સહજતા કરતા ઈલેક્ટ્રોનિક અને પૈસાવગર નાણાંની લેવડ–દેવડ નિર્ણયમાં સરળતાની સિસ્ટમ અને વિકાસ માટે GIS નો ફાયદો આપણે ઉઠાવી શકીએ છીએ.

દેશના દરેક નાગરીકને ડિજિટલ સશક્તને નજાવવાની સાથે–સાથે સાર્વભૌમિક ડિજિટલ અક્ષરજ્ઞાન સર્વત્ર સરળતાથી પ્રાપ્ત પણ થાય. ડિજિટલ સંશાધનો અને ડિજિટલ સંસ્થાઓ કે સેવાઓની ભારતની દરેક ભાષામાં ઉપલબ્ધીને સાથે–સાથે દરેક અધિકારોને વ્યક્તિની માધ્યમાંથી સહયોગપૂર્ણ બનાવવું.

દરેક વ્યક્તિના શાસકીય દસ્તાવેજો કે પ્રમાણપત્રો ભરવા માટે તેની હાજરી ન હોય તો પત્ર ભરી શકાય છે.

**ડિજિટલ ઈન્ડિયાના નવ સ્તંભઃ**

૧) બ્રોડબેન્ટ હાઈ–વે
૨) મોબાઈલ કનેક્ટીવીટી માટે સાર્વભૌમિક એક્સેસ
૩) જનતા ઈન્ટરનેટ એક્સેસ કાર્યક્રમ
૪) ઈ–ગર્વનેન્સ ટેક્નોલોજી દ્વારા સરકામાં સુધાર
૫) ઈ–ક્રાંતિ સેવાઓ અને ઈલેક્ટ્રોનિક રૂપમાં પ્રદાન કરવું
૬) બધાને માટે સૂચનાઓ
૭) ઈલેક્ટ્રોનિક ઉત્પાદન
૮) નોકરી માટે IT
૯) ઝડપી ઊપજનો કાર્યક્રમ

સમય ખૂબ ઝડપથી પરિવર્તન પામી રહ્યો છે. પહેલા આપણે કોઈના ઘરે જતા હતા અને નાના બાળકો સાથે વાતો કરતા તો બાળક શું કરતું? આપ તે જોતા? બાળક કાંતા આપણા ચશ્મા ખેંચતુ કાંતો તે આપણા ખિસ્સામાંથી બોલપેન કાઢીને લઈ દૂર ચાલ્યું જતું હતું પરંતુ આજે શું આપ ધ્યાનમાં લો છો કે બાળક શું કરે છે? હવે આપણે કોઈના ઘરે જતા હોઈએ અને બાળક સાથે વાત કરીએ છીએ તો તે શું કરે છે? તે આપ નજરમાં લો છો? નથી તો તે આપણાં ચશ્મા ખેંચતું કે નથી તો તે આપણા ખિસ્સામાંથી બોલપેન લઈ દૂર ચાલ્યું જતું. પણ હા. પરંતુ તે મોબાઈલ ફોનની માંગણી અવશ્ય કરે છે. મોબાઈલ ફોન હાથમાં આવતા જ તે પહેલા તો પોતાના નાનકડા હાથે મોબાઈલફોન વ્યવસ્થિત રીતે પકડશે. અને પછી તો તે તેમા પોતાને જે ખબર પડતી હશે. તે રીતે તેમાં કામ કરવા માંડશે. પણ જો મોબાઈલફોનમાં તેને ન ગમતું આવે તો તે રડવા લાગે છે. તે ભલે બીજું કઈ સમજે કે ન સમજે પણ હા, તે ડિજિટલ તાકત ને જરૂર ને જરૂર જ સમજે છે. અને આપણે પર સમયની સાથે સાથે આવેલા આ બદલાવને જો નહીં સમજીએ. તો આપણે એક ખૂણામાં જ પડ્યા રહીશું અને દુનિયા ખૂબ દૂર જતી દેખાશે. અને આપણે માત્ર બેઠા–બેઠા જોતા જ રહીશું.

વર્ષો પહેલા લોકો નદીના કિનારા પર ગામ વસાવતા હતા. કે સમુદ્રના કિનારે પણ વસવાટ કરીને ગામ કે શહેર વસાવતા હતા. પણ ધીમે–ધીમે સમય બદલતા જ્યાં–જ્યાં હાઈ–વે નીકળતા થયા ત્યાં ત્યાં શહેર વસવા માંડ્યાં. પણ અત્યારે માવજાતિ ત્યાં જ વસવાટ કરશે. જ્યાંથી **ઓપ્ટિકલ ફાઈબર** પસાર થતો હશે. અને આ એક ખૂબ મોટે બદલાવ આવ્યો છે.

આખી દુનિયામાં આ સવાસો કરોડ વસ્તી ધરાવતો દેશ ભારત પોતાની તાકાતનો પરીચય આપવા ઈચ્છે છે. સવાસો કરોડ વસ્તી ધરાવતા દેશમાં ૬૫% (પાસઠ ટકા) વ્યક્તિ ૩૫ વર્ષની નાની ઊંમરની છે. જે આપણી વિરાસત ધરોહર છે. જે આપણામાં રહેલું સાર્મથ્ય છે.

તેની સાથે સાથે આધુનિક વિજ્ઞાન અને આધુનિક ટેક્નોલોજી સાથે જોડાવું ખૂબ જ અગત્યનું છે.

જો Demograptic dividend (વસ્તી વિષયક ભાગલા)નો આપણને Digital strength નહીં મળે અને આપણે જેટલો ફાયદો Globe Level પર મેળવવા માગશું તે નહીં મળો શકે. એટલે આ માટે દેશને તૈયાર કરવો ખૂબજ જરૂરી છે.

આજે આપણા દેશમાં ૨૫ થી ૩૦ કરોડ લોકો Internet users છે. આ સંખ્યા દુનિયામા મોટી છે. પણ હા Internetથી જો જે જોડાયેલા નથી. તે સંખ્યા પણ મોટી છે. જેની પોતાની જરૂરિયાત હતીને જાણતા હતા. તેણે તો તે પોતાનું કરી જ લીધું છે. પણ જે જાણતા નથી તેનું શું? Digital World ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે. મોટા ભાગનો દેશ જો આનાથી વંચિત રહી જાય તો અમીર–ગરીબની જે ખાઈ બની છે ને તેનાથી પણ ભયંકર Digital divide ની ખરાબ અસર થાય. જો તે ન થાય તો તેના માટે આપણી દરજ બને છે કે આધુનિક વિજ્ઞાન એટલે કે Digital India માં જે મનુષ્યની આવશ્યકતા હો તેની આ પૂર્તિ કરે છે.

અને અમીર તો જાણે જ છે. પણ ગરીબમાં ગરીબ વ્યક્તિ પણ તેનાથી વંચિત ન રહે તે જાણવાનું છે. તે આપણે પણ જોવાનું છે. પરંતુ આમાટે આપણે પોતાને સજગ કવા પડશે. વ્યવસ્થા વ્યવસ્થિત કરવા માટે આપણે પણ હાળો આપવો જ પડશે.

E-Govemance easy govermance is economical govemance.

આર્થિક રીતે અનુકુળ આ સરકાર અને એને આપણે આગળ ધયાવવા માટે આપણા થી જેટલો થાય તેટલો પ્રયત્ન કરવો જરૂરી છે.

આજે આપણે આપણી સેટેલાઈટો છોડીએ છીએ. થોડા વર્ષા પહેલા કેટલાંક દેશો ચર્ચા કરતા કે આ ભારત જેવો ગરીબ દેશ આ સેટેલાઈટો કોના માટે છોડે છે? શા માટે છોડે છે? આનો ઉપયોગ કોણ કરે છે? તે આમાં શા માટે ખર્ચો કરે છે? પરંતું આજે તેજ સેટેલાઈટ મનુષ્યોની આવશ્યકતાઓની પૂર્તિ કરે છે.

આધુનિક વિજ્ઞાન ના માધ્યમથી Conversion ખૂબ સરળ થાય છે. હવે બધી મૂશ્કેલીઓ જતી રહેશે પોતાના એક Digital number થી બધી જ વસ્તુઓ મળી જશે. અને ધંધો આગળ ચાલતો જશે.

આજે બદલાવ આવી રહ્યો છે. અને તે બદલાવ ને માટે આપણે આપણને સજાક કરવા જોઈએ. Digital India ના માધ્યમ દ્વારા Electronic good દ્વારા Manufucture કરવાની દિશા તરફ આગળ વધી શકે છે.

ભારત દેશની પહેલી આવશ્યકતા "Make in India" નું મહત્વ છે તેમ "Design is India" પણ એટલું જ જરૂરી છે.

**DIGITAL INDIA A PROGRAMME TO PREPARE INDIA FOR A KNOWLEDGE FUTURE.. JAY HIND**


Gujarati